ॐ

## શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ

શ્રીમાન્ પંડિત ભાગચંદ્રજીકૃત

# સત્તાસ્વરૂપ

પર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનો સંક્ષિપ્ત સાર

(શ્રાવણ વદ-૧૩, સોમવાર, ૧૮-૮-૫૨, બપોર)

આ સત્તા સ્વરૂપનું વ્યાખ્યાન ચાલે છે. દેવ, ગુરુ, શાસ્ત્રની હયાતી-સત્તા કેવી છે તે કહે છે, ભક્તિ કરનાર જેની ભક્તિ કરે છે તેનું સ્વરૂપ જાણ્યા વિના ભક્તિ નિરર્થક છે. વીતરાગદેવ કરતાં સ્ત્રી-પૈસાદિમાં જેને પ્રીતિ વિશેષ વર્તે છે, તે કુલટા સ્ત્રી સમાન છે. કુલટા સ્ત્રીને પોતાનો પતિ મળ્યો ન હતો ત્યાં સુધી તેનું સન્માન કરે, સુંદર ભોજનાદિ જમાડે, સુંદર શણગાર સજે, તેને રીઝવે પરંતુ જ્યારે ભાગ્યોદયે તેને પોતાનો મૂળ ધણી મળે અને તેના પ્રત્યે પૂર્વના ધણી કરતાં વિશેષ સન્માન-પ્રેમ, આદર, સેવા ન કરે તે કુલટા છે. તેમ જે જીવ અનાદિથી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર પ્રત્યે તન-મન-ધન-વાણી ભક્તિ આદિ કરતો તેને જિન પતિ મળતાં પૂર્વ કરતાં વિશેષ ઉમંગ, હર્ષ, તન, મન, ધન, ઉમંગ-હોંશ ન કરે તો તે પેલી કુલટા સ્ત્રી સમાન છે.

“જેમ, કોઈ કુલટા સ્ત્રી પર પુરુષને પોતાનો ભરથાર જાણી તે રૂપ કાર્ય કરતી હતી, તેને સારા ભોજન જમાડતી હતી, પણ કોઈ ભાગ્યોદયથી તેને પોતાના પતિનો લાભ થયો ત્યાં જેમ પહેલાં પર પરુષના અર્થે પોતાનું સ્વરૂપ વા સારું કાર્ય બનાવતી હતી તેમ હવે પોતાના ભરથારના સંબંધમાં રસ વા સારું કાર્ય બનવા છતાં પણ ન કરે તો તેને મોટી ભૂંડી કુલટા જ કહીએ છીએ, તે જ પ્રમાણે તમે પહેલાં મિથ્યાત્વ અવસ્થામાં અન્ય દેવાદિકના અર્થે રસ રૂપ સારા સારા ઉમંગ ભર્યા કાર્યો કરતા હતા અને હવે ઘણા જ મહાન ભાગ્યોદયથી તમને તમારા સાચા સ્વામી—જિન દેવની પ્રાપ્તિ થઈ, તમે પણ તે જાણી લીધું વા મુખથી પણ કહી ચૂક્યા છતાં

તમને પેલી વનિતા જેવા અન્ય દેવના સંબંધથી રસ, ઉમંગરૂપ ચાકરી, ધનનો ખર્ચ, પૂજાદિનું કરવું, યાત્રાદિએ જવું, ભયવાન થવું, વા નીચે બેસવું આદિ કાર્યો થતાં હતાં અને હવે આ સાચા દેવાદિકના સંબંધમાં તે રસ નથી આવતો, તે ઉમંગ વા તેવાં કાર્યો નથી થતાં તેથી જાણીએ છીએ કે—તમારામાં પેલી કુલટા સ્ત્રી જેવું જ મહાન ગૃહિત મિથ્યાત્વ જ છે. કારણ કે આ તો મહાન ભારે ગજબ છે કે પોતાના ખરા સ્વામીના સંબંધમાં હર્ષરૂપ કાર્ય ન થાય! તમે પોતે જ વિચાર કરી જુઓ, અમારે જારાવરીથી તમને દૂષણ લગાવવા નથી. જો તમારામાં આ જ પ્રમાણે પ્રકૃતિ વા પ્રવૃત્તિ બની રહી છે તો તમારે ઘરે દોષ અવશ્ય થશે, કારણ કે પર પુરુષની અપેક્ષાએ નિજ-ભરથાર પ્રત્યે અધિક રસ સ્વરૂપ કાર્ય થવાથી જ શીલવાનપણું રહે છે, એ જ પ્રમાણે કુદેવાદિકના સંબંધ કરતાં સુદેવાદિના સંબંધમાં સાચા રસરૂપ વધતાં કાર્યો થતાં જ ધર્માત્માપણું આવશે.''

ભયવાન બને, અરે! ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય, જેમ પતિની સેવામાં ભયવાન બને તેમ તેવા કાર્યો થતાં નથી તો તેથી જણાય છે કે તમારામાં પેલી સ્ત્રી સમાન ગૃહિત મિથ્યાત્વ વર્તે છે, એમ અમે જાણીએ છીએ.

રાગ-પુણ્યથી ધર્મ માને તે તો અનાદિનું અગૃહિત મિથ્યાત્વ છે, પરંતુ જન્મ્યા પછી પણ સાચા દેવાદિ મળતાં તેમના પ્રત્યે ઉમંગ, હર્ષ તન, મન, ધનનો ખર્ચ આદિનો ભાવ ન આવે તો તે ગૃહિત મિથ્યાત્વ છે. સનાતન દેવ-ગુરુ-ધર્મનું અનુમોદન નહિ, ભક્તિ-વિનય નહિ અને આ સત્યને પોતાના મિથ્યાશાસ્ત્રોમાં મેળવીને વાતો કરનાર મહા ગૃહિત મિથ્યાદ્રષ્ટિ છે.

ખરેખર મહાન તો પોતાનો આત્મા છે, પરંતુ નિમિત્તમાં પણ જેને મહાનતા—આદર ભાસતા નથી, તે મિથ્યાત્વ છે. અહીં કહે છે કે અરે! તને સાચા દેવાદિની ભક્તિ ઉલ્લસતી નથી, તેમાં ભક્તિને છુપાવે, ઉમંગ પ્રગટ કરતો નથી તે તારું મહા મિથ્યાત્વ છે. અરે! આ તો મહાન ભારે ગજબ છે કે પોતાના સ્વામીના સંબંધમાં હર્ષાદિ ન આવે, મિથ્યા દેવાદિ કરતાં સાચા દેવ, મુનિઓ પ્રત્યે ભક્તિ ન આવે તો તમે જ વિચાર કરી લ્યો કે આ શું બતાવે છે, અમારે તમને જોરાવરીથી દોષ લગાવવા નથી.

સર્વજ્ઞને આહારાદિ ન હોય, મુનિને વસ્ત્રાદિ ન હોય, આવા વીતરાગી દેવ-ગુરુ પ્રત્યે ભક્તિ-પ્રેમ-ઉમંગ ન આવે તો તમે જ વિચારી લ્યો, તમારી

પ્રવૃત્તિ હજુ ન બદલાણી, તો તમારે ઘેર ગૃહિત મિથ્યાત્વનો અવશ્ય દોષ આવશે, કારણ કે પર પતિ કરતાં સ્વપતિ તરફ અત્યંત પ્રેમ-રસાદિ હોતા શીલવ્રતીપણું આવશે, તેમ સાચા દેવાદિ પ્રત્યે ખરો ઉમંગ આવતાં ગૃહિત મિથ્યાત્વ ટળશે.

## મંગળાચરણ

જૈન ધર્મનો સાર તો વીતરાગતા અને કેવળજ્ઞાનપણું છે અને તે જ સાર છે. આ રીતે અહીં શરૂઆતમાં દેવ-ગુરુ-શાસ્ત્રને નમન કર્યા.

આ આત્માને સુખ પ્રિય છે, તે સુખ સમસ્ત કર્મનો નાશ થતાં પ્રગટ થાય છે. ખોટાં જોરથી પ્રગટ ન થાય અર્થાત્ મિથ્યા તપશ્ચર્યાદિ-વૃતાદિથી તે સુખ પ્રગટ ન થાય, ચારિત્રથી તે સુખ પ્રગટે છે અને તે ચારિત્ર પચીસ દોષ રહિત અતિચાર વિનાનું સમ્યકત્વ થતાં પ્રગટે છે. આઠ મદ, આઠ શંકાદિ દોષ, કુદેવ-કુગુરુ-કુધર્મ, મૂઢતા તથા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર તથા તેના માનનાર એમ છ અનાયતન છે—એમ તે પચીસ દોષોનો નાશ સમકિતમાં થાય છે.

તેમાં પ્રથમ પ્રયોજનભૂત રકમનું યથાર્થ જ્ઞાન થવું જોઈએ, નિર્ણય કરનાર ધર્મની પ્રયોજનભૂત મૂળ રકમને ઉડાડી ન દ્યે, આપાની જેમ :—જેમ એક કાઠી સાથે વાણિયો વેપારી નામુ મેળવવા બેઠો ત્યાં ચાર આનાની તથા એકાદ રૂપિયાની મરચા આદિની રકમ કબૂલે પણ રૂ. ૧૦૧ લઈ ગયો હોય, ઇત્યાદિ મોટી રકમ આપાએ વાણિયા પાસેથી લીધી હોય, તે ન કબૂલે અને તેને ઉડાડે, તે વાણિયાના ચોપડામાંથી કેમ નીકળે? તેમ જે દેવ-ગુરુ-તત્ત્વાદિની મૂળ રકમ યથાવત્ ન માને, સાચા દેવ-ગુરુ મળતાં તેમના પ્રત્યે સત્કાર, સન્માન પણ ન આવે તો તેની મૂળ રકમમાં જ ભૂલ છે. શંકા, વિપર્યય, અધ્યવસાન રહિત યથાર્થ જ્ઞાન થતાં યથાર્થ ચારિત્ર થાય છે.

હજુ તો જીવોને શાસ્ત્રમાં પણ ભૂલ વર્તે છે. દિવ્યધ્વનિ અનુસાર સ્વાનુભવપૂર્વક પરંપરાથી આચાર્યો, ધરસેન, પુષ્પદંત, કુંદકુંદાદિ આચાર્યોએ એ રચેલાં શાસ્ત્રો તે સત્ શાસ્ત્રો છે, પરંતુ પોતાની કલ્પનાથી મિથ્યા વાતો પોષી હોય, પુણ્યથી ધર્મ અને દયા-દાનાદિના ભાવથી સંસારનો અભાવ થાય એમ પ્રરૂપણ કર્યું હોય તે કુશાસ્ત્ર છે. હવે અહીંથી નકલ કરીને અહીંની વાત પોતાનાં ખોટા શાસ્ત્રમાં મેળવીને કેટલાક વાતો

કરે છે. અમારા ભગવાન-શાસ્ત્ર પણ આમ કહે છે, તેમ માન પોષી ભોળા જીવોને, બિચારાઓને ભોળવે છે. તીવ્ર ગૃહિત મિથ્યાત્વને પોષે છે. તે મહાન મિથ્યાદ્રષ્ટિ છે.

વળી ષટ્ પાહુડ ગાથા ૯૨માં કહેલ છે કે :–

જે કોઈ લજ્જા, ભય અને મોટાઈથી પણ કુત્સિત્ દેવ ધર્મ લિંગને વંદન કરે છે, તે મિથ્યાદ્રષ્ટિ છે, માટે જે મિથ્યાત્વનો ત્યાગ કરવા ઇચ્છે છે, તે કુદેવ-કુગુરુ-કુધર્મનો પહેલાં જ ત્યાગી થાય, સમ્યક્ત્વના પચ્ચીસ મળ દોષોના ત્યાગમાં પણ અમૂઢદ્રષ્ટિ વા છ આયતનમાં પણ તેનો જ ત્યાગ કરાવ્યો છે, માટે તેનો અવશ્ય ત્યાગ કરવો. વળી એ કુદેવાદિના સેવનથી જે મિથ્યાત્વભાવ થાય છે, તે હિંસાદિ પાપોથી પણ મહાન પાપ છે, કારણ કે–એના ફળથી નિગોદ નર્કાદિ પર્યાય પ્રાપ્ત થાય છે. ત્યાં અનંતકાળ સુધી મહા સંકટ પામે છે, તથા સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ પણ મહા દુર્લભ થઈ જાય છે.

અહીં શિથિલતા એટલે વિપરીતતા એવો અર્થ છે. કુશાસ્ત્રને બહાને તત્ત્વની કોઈ વાત કરે તો તે શ્રવણને પણ યોગ્ય નથી.

માટે શાસ્ત્રશ્રવણ, ધારણા, વિચારણા, આમ્નાય અને અનુપ્રેક્ષાપૂર્વક અભ્યાસ કરતાં કલ્યાણનું મૂળ જે સમ્યગ્દર્શન તેના કારણરૂપ એક આગમનો યથાર્થ અભ્યાસ કરવો જોઈએ, જેમાં ભગવાનને બે બાપ ઠરાવ્યા હોય, મુનિને વસ્ત્રાદિનો પરિગ્રહ કહ્યો હોય, તે શાસ્ત્ર નથી પણ કુશાસ્ત્ર છે. કરિયાતાની કોથળી ઉપર સાકરનું નામ હોય તેમ ભગવતી સૂત્ર આદિ નામ આપીને તેમાં મિથ્યા અનેક વાતો દેવ-ગુરુ-ધર્મ વિષે પ્રરૂપી છે અને એ રીતે મિથ્યાત્વનું પોષણ કર્યું છે. સાચા દેવાદિની પ્રતીતિ થતાં ગૃહિત મિથ્યાત્વનો ત્યાગ થાય છે.

માટે સૌથી પહેલાં તત્ત્વનો નિર્ણય કરવો કે જે બાળ, વૃદ્ધ, ધનવાન, નિર્ધન, રોગી, નિરોગી સૌ કોઈ કરી શકે છે.

<u>શ્લોક (તત્ત્વજ્ઞાન તરંગિણી અ. ૧, શ્લોક-૪)</u>

અર્થ :–"ચિદ્રૂપ આત્માનું સ્મરણ કરવામાં નથી ક્લેશ થતો, નથી ધન ખર્ચવું પડતું, નથી દેશાન્તરે જવું પડતું, નથી કોઈ પાસે પ્રાર્થના કરવી પડતી, નથી બળનો ક્ષય થતો, નથી કોઈ તરફથી ભય કે પીડા થતી, વળી

તે સાવદ્ય નથી, નથી રોગ કે જન્મ-મરણમાં પડવું પડતું, નથી કોઈની સેવા કરવી પડતી, આવી કોઈ મુશ્કેલી વિના ચિદ્રૂપ આત્માના સ્મરણનું ઘણું જ ફળ છે, તો પછી બુદ્ધ પુરુષો તેને કેમ આદરતા નથી?

સાચા દેવ-ગુરુ પ્રત્યે તન-મન-ધનથી જેને ભક્તિ પ્રેમ આવ્યો નથી તેને તો તત્ત્વનિર્ણય જ ન થઈ શકે.

વળી જે તત્ત્વ નિર્ણય કરવાને ઉદ્યમ કરતા નથી તેમને ઓલંભો-ઠપકો આપે છે.

## શ્લોક

અર્થ :–ગુરુનો યોગ સ્વાધીન (મળી શકે એમ) હોવા છતાં જેઓ ધર્મ વચનોને સાંભળતા નથી તેઓ ધૃષ્ટ અને દુષ્ટ ચિત્તવાળા છે અથવા તેઓ ભવભય રહિત (જે સંસાર ભયથી શ્રી તીર્થંકરાદિ ડર્યા તેનાથી નહિ ડરનારા ઊંધા) સુભટો છે.

અહીં આવા જીવને સુભટ કહીને પ્રશંસા નથી કરી પણ ઠપકો આપ્યો છે.

સમયસાર, પ્રવચનસાર આદિના શાસ્ત્રાભ્યાસ દ્વારા તત્ત્વનિર્ણય કરતા નથી તે અશુભોપયોગી મિથ્યાદ્રષ્ટિ છે. તેઓ વિષય, કષાય, આબરૂ, પૈસા, સ્ત્રી, મકાનાદિમાં મગ્ન મહા પાપી મિથ્યાદ્રષ્ટિ છે.

આત્માના નિર્ણય વિના, દેવ-ગુરુ-શાસ્ત્રના નિર્ણય વિના, સમ્યગ્દર્શન વિના, વ્યવહાર ધર્મમાં, પૂજન, ભક્તિ, વ્રતાદિમાં, શીલ, સંયમાદિમાં લીન છે તેઓ શુભ ઉપયોગી મિથ્યાદ્રષ્ટિ છે.

મહાભાગ્યથી તમે મનુષ્યપર્યાય પામ્યા છો તો હવે સર્વ ધર્મનું મૂળ કારણ સમ્યગ્દર્શન અને તેનું પણ મૂળ કારણ તત્ત્વનિર્ણય તથા તેનું પણ મૂળ કારણ જે શાસ્ત્રાભ્યાસ તે અવશ્ય કરવો જોઈએ, જે આ અવસરને વ્યર્થ ગુમાવે છે તેમના ઉપર જ્ઞાનીને કરુણા આવે છે.

જેઓ નિર્ણય કરતા નથી તે નિરંતર શંકિત ડામાડોળ રહ્યા કરે છે. જડમાં શક્તિ હશે કે નહિ, તેનું ગમનાદિ તેના કારણે થતું હશે કે નહિ, તેનો તે નિર્ણય કરતા નથી. પ્રત્યેક પરમાણુ પણ પોતાના પરિણામો કરવાને

પૂર્ણ શક્તિમાન છે. ભિન્ન-ભિન્ન પદાર્થ પોતાનું ભિન્ન-ભિન્ન જ કાર્ય કરે છે. અજ્ઞાનીને સંયોગદ્રષ્ટિ છૂટતી નથી તેથી તેને પરમાં પરથી થાય છે એવી માન્યતા બેસતી નથી, આ લાકડું આંગળીથી ઊપડ્યું જ નથી, આંગળી લાકડાને અડી જ નથી, તો પછી તે આંગળી લાકડાને ઉપાડી જ કેમ શકે? અજ્ઞાની બે ભિન્ન પદાર્થોને ભિન્ન-ભિન્ન અવલોકી શકતો જ નથી. આવો હજુ જે નિર્ણય કરતો નથી તેને ગૃહિત મિથ્યાત્વ પણ ટળતું નથી. જેને નિર્ણય કરવો હોય તેણે શાસ્ત્રાનુસાર સર્વપ્રથમ તત્ત્વનિર્ણય કરવો જોઈએ. તેને છોડીને જે પૂજા-સ્તોત્ર-વૈરાગ્ય, સંયમ, તપ, સંતોષ આદિ કરે છે, તેનું તે બધુંય ફોગટ–અસત્ય છે.

આ શાસ્ત્ર ગૃહસ્થે રચ્યું છે. અનુભવ અને શાસ્ત્રાનુસાર જે રચના થાય તે મુનિ અને કેવળી અનુસાર જ હોય, તેથી તે સત્ય છે. તેમાં વિરુદ્ધતા ન હોય, અવિરોધનાં અનંત પડખાં ઓછાં હોય પરંતુ એકેય વિરોધી પડખું તો ન જ હોય.

તેથી આગમનું સેવન, યુક્તિ-ન્યાયનું અવલંબન અને પરંપરા ગુરુઓનો ઉપદેશ તથા સ્વાનુભવ દ્વારા તત્ત્વનિર્ણય કરવો જોઈએ.

પરંપરા પ્રમાણે રચાયેલાં ધવલાદિ તથા સમયસારાદિ શાસ્ત્રોનો યથાર્થ અભ્યાસ કરવો જોઈએ. પરસ્પર વિરોધી કથન કરનારાં શાસ્ત્રોનો નિર્ણય કરીને, તેનો ત્યાગ કરી, તેનું મિથ્યાપણું જાણવું જોઈએ. પરંપરા દેવ-ગુરુ-શાસ્ત્રે શું કહ્યું છે તેના લીટે લીટે ચાલ્યા જતાં યથાર્થ તત્ત્વ નિર્ણય થાય છે, માટે આત્માર્થી જીવે યથાર્થ પુરુષાર્થ વડે સાચો નિર્ણય કરવો જોઈએ.

શ્રાવણ વદ ૧૪, મંગળવાર, તા. ૧૯-૮-૫૨

આ સત્તા સ્વરૂપ ગ્રંથ છે, આમાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરનાર ભક્ત કેવો હોય તે બતાવે છે, ભક્તિ કહો કે વ્યવહાર કહો બંને એક જ છે, સેવ્ય જે દેવ-ગુરુ-શાસ્ત્ર તેનાં સ્મરણ ભક્તિ-સેવા કરનાર તેમનું સ્વરૂપ જે વાસ્તવિક રીતે નથી જાણતો તે ખરેખર ભક્ત જ નથી, હું કઈ રીતે દેવાદિનો સેવક–ભક્ત થઈ રહ્યો છું, કૂળ પદ્ધતિ કે દેખાદેખી કે ઓળખાણથી હું ભક્ત થયો છું તેનો નિર્ણય કરવો જોઈએ. શેઠને ઓળખ્યા વિના, તે મને

પગાર આપશે કે નહિ, તે જાણ્યા વિના જેમ નોકરી કરતો નથી તેમ દેવાદિનું સ્વરૂપ જાણીને તેમની ભક્તિ કરવી જોઈએ. કુદેવાદિથી તેની ભિન્નતાનો આંતરો યથાર્થ રીતે જાણે ત્યારે જ તે ખરો ભક્ત થઈ શકે છે. દેવાદિની ખરી ઓળખાણ વિના તેની ભક્તિ-માન્યતાની અહીં ગણતરી નથી. તે સાચો ભક્ત નથી, પણ બગ ભગત-ઠગારો છે. દેવાદિની સત્તા-હયાતી શું સ્વરૂપે છે તે સૌ પ્રથમ પરીક્ષાપૂર્વક બરાબર જાણવું જોઈએ.

પંચાયત કે પ્રબંધાદિના કારણે દેવાદિને માનો છો, ભક્તિ સ્તોત્ર કરો છો તેમાં કાંઈ વાસ્તવિકતા નથી. વીતરાગ સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ તથા અનેકાંત લક્ષણ શાસ્ત્રનું સ્વરૂપ બરાબર જાણવું જોઈએ. તેમનું વાસ્તવિક સ્વરૂપ જાણવામાં આવે ત્યારે જ ખરી ભક્તિ જાગે છે.

હવે મોક્ષમાર્ગની પ્રયોજનભૂત રકમ કઈ છે તે અહીં બતાવે છે.

**જિનધર્મ** :—સર્વજ્ઞ કોણ, સર્વજ્ઞ જગતમાં છે કે નહિ, તેનો સ્વીકાર મારા અંતરમાં થયો છે કે નહિ, તે સ્વીકારતાં પોતાની રુચિમાં શું ફેર પડ્યો છે તે જાણવું જોઈએ. જિનધર્મ તો વીતરાગ સ્વરૂપ છે. તે મુદ્દાની રકમ છે. જિનધર્મ તો વીતરાગ સ્વરૂપ છે. જિન ધર્મ કોને કહેવો તથા તેથી વિપરીત અન્ય ધર્મ શું છે તે જાણવું જોઈએ. જિન ધર્મ તે વીતરાગ સ્વરૂપ અર્થાત્ સ્વ શુદ્ધ આત્માની અપેક્ષા તથા નિમિત્તાદિની ઉપેક્ષા સ્વરૂપ છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન પ્રગટે ત્યાં સુધી જિન પ્રતિમાની પૂજા-વંદન-ભક્તિ આદિ આવે પણ ત્યાંથીયે ખસીને આત્મદર્શન કરવાનો હેતુ હોય, લક્ષ હોય–આવો જિનમત છે. બધાયે ક્રિયાકાંડથી પણ આગળ જ્ઞાન સ્વભાવની પ્રતીતિ અને એકાગ્રતા કરવી તે જિનધર્મનું ફરમાન છે, કોરી ક્રિયાકાંડ તે જિનધર્મ નથી.

દેવ-કુદેવની બરાબર ઓળખાણ કરી નિર્ણય કરવો પડશે. દેવની સ્થિતિ શું હોય, ક્યા કારણે તે દિવ્યતા પ્રગટે, તેમની કેવી વાણી હોય–તેનો નિશ્ચય કરવો જોઈએ. કુળ પરંપરાથી અમારા દેવ સર્વજ્ઞ–કેવળજ્ઞાની છે એમ અધિક માને તેણે દેવને ખરેખર માન્યા નથી. દેવ તે સર્વજ્ઞ છે. તેમને દિવ્યધ્વનિ હોય, પૂર્ણ જગતનું સ્વરૂપ જાણ્યું તેને પ્રકાશ કરતી તેમને વાણી હોય તોપણ ઉપદેશાદિનો તેમને વિકલ્પ કે રાગ ન હોય, વેદાન્ત પોતાના ધર્મ શાસ્ત્રોને અપૌરુષેય માને છે તે બરાબર નથી.

**ગુરુ-કુગુરુ** :–નિર્ગ્રંથ છઠ્ઠે–સાતમે ગુણસ્થાને ઝૂલતા, વસ્ત્ર, પાત્ર રહિત જે સંત વિચરતા હોય તે ગુરુ છે, અન્ય તેથી વિપરીત બધા કુગુરુ છે. આમ ગુરુની ઓળખાણ વિના જેને તેને ગુરુ માને તે મિથ્યાદ્રષ્ટિ છે. ''**णमो लोएसव्व साहूणं**'' આવા સાધુને વીતરાગ ભાવમાં રમણ કરતા સંતને ઓળખીને નમસ્કાર કરવા જોઈએ. પંચ પરમેષ્ઠીમાં ભળતા સાધુ-સંત તે મુનિ છે અને તે ગુરુ છે, બીજા મિથ્યાવેષધારક, દ્રષ્ટિના ભાન વિનાના ત્યાગીઓ કુગુરુ છે–એમ નિર્ણય કરવો જોઈએ.

ઉપકારી ગણીને આત્મજ્ઞાની પુરુષને ગુરુ માનવા તે બરાબર છે. તેમના પ્રત્યે પ્રેમ-ભક્તિ-ઉલ્લાસ આવે પણ પહેલાં ઉપરની વાત સ્વીકારવી જોઈએ.

જે સર્વજ્ઞના શાસ્ત્રથી વિરુદ્ધ વાત પ્રરૂપતા હોય, તત્ત્વથી જેમની વિપરીત દ્રષ્ટિ હોય તે કુગુરુ છે. આ વાત કુગુરુ માટે નથી પણ પોતાનું જ્ઞાન સાચું થાય તે માટે છે કે જેથી મિથ્યાજ્ઞાન છૂટે અને સત્યનો સ્વીકાર થાય.

**શાસ્ત્ર-કુશાસ્ત્ર** :–અનેકાંત દ્રષ્ટિનું જેમાં કથન હોય, નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ધર્મ બતાવે, એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અભાવ, વિકારનો ત્રિકાળી સ્વભાવમાં અભાવ, તથા ક્ષણિક પર્યાયનો કાયમી દ્રવ્ય સ્વભાવમાં અભાવ બતાવીને પ્રત્યેક તત્ત્વનું અવિરોધપણે જેમાં કથન હોય તે સત્શાસ્ત્ર છે. પુષ્પદંત, કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ સંતોએ સર્વજ્ઞ પરંપરા પ્રમાણે કથન કર્યું છે અને તે જ સુશાસ્ત્ર છે. તેમનાથી વિરુદ્ધ કથન કરનારાં કુશાસ્ત્ર છે. કોઈ કહે કે શાસ્ત્ર-કુશાસ્ત્રની પરીક્ષા કરવી નહીં, આપણે ધર્મને–તત્ત્વને સમજો, પણ તે તત્ત્વને સમજતો જ નથી, જેનામાં સત્ શાસ્ત્ર-કુશાસ્ત્રની પરીક્ષા કરવાની તાકાત નથી તે તત્ત્વને શું સમજે? જે શાસ્ત્ર પુણ્ય-દાન-દયામાં ધર્મ બતાવતા હોય, પરાધીનતાથી ધર્મ-કલ્યાણ બતાવતા હોય, પરની કૃપાથી કલ્યાણ બતાવતા હોય તે કુશાસ્ત્ર છે. પોતાની ખોટી દ્રષ્ટિથી અકલ્યાણને સાચી દ્રષ્ટિથી કલ્યાણ છે એમ ન બતાવે તે કુશાસ્ત્ર છે. જિનમતમાં સૂત્રનું લક્ષણ કહ્યું છે કે યુક્તિવાળું તથા યથાતથ કથન કરે તે સૂત્ર છે.

''हेतु मत्तथ्यं सूत्रम् ।''

એક વાર એક કણબીના ઘરમાં એક ચોર ચોરી કરવા રાતના આવ્યો; કણબી ઘરના ચોકમાં સૂતો હતો પરંતુ ચોર ચાલાક તેથી તે સાડલો પહેરીને ઘરમાં દાખલ થયો; ઘરમાં અવાજ થાય પણ તેણે માન્યું કે ઘરમાં કાંઈ કામ કરતા હશે, તેથી બફમ રહ્યો અને ચોર તો ચોરી કરીને ચાલ્યો ગયો તેમ દેવાદિનું નામ લઈ કુદેવાદિ જીવને ધૂતી જાય છે. શાસ્ત્રને નામે જગત ધર્મ હારી બેસે છે. તેમને એમ થાય છે કે શાસ્ત્રમાં શંકા કરાય? અને એ રીતે ઠગાય છે, પરંતુ યથાર્થ પરીક્ષા કરે, જાગૃત રહે તો ઠગાય નહિ.

**ધર્મ-કુધર્મ-અધર્મ** :–ધર્મ આત્માનો વસ્તુનો સ્વભાવ છે. સંયોગ, પુણ્ય-પાપથી ધર્મ મનાવે તે કુધર્મ છે. જેમાં કોઈ ખબર ન હોય થોથા જેવી વાત હોય તે અધર્મ છે.

**હેય-ઉપાદેય** :–છોડવા યોગ્ય શું છે તથા અંગીકાર કરવા જેવું શું છે તે નક્કી કરવું જોઈએ. પુણ્ય-પાપાદિ છોડવા યોગ્ય છે. પર પદાર્થો હેય છે તથા ક્ષણિક પર્યાય પણ આદરણીય નથી, પરંતુ ત્રિકાળી નિજ શુદ્ધાત્મા જ ઉપાદેય છે.

**તત્ત્વ-કુતત્ત્વ-અતત્ત્વ** :–ભગવાને કહેલ નવતત્ત્વ ષટ્ પદાર્થ આદિ તે તત્ત્વ છે તથી જેમ તેમ માલ વિનાની થોથા વાત તે અતત્ત્વ છે.

**પાત્ર-કુપાત્ર-અપાત્ર** :–ભાવલિંગી મુનિ તે ઉત્તમ પાત્ર છે, પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક મધ્યમ પાત્ર છે તથા સમ્યગ્દ્રષ્ટિજીવ જઘન્ય પાત્ર છે, તથા ઊલટી શ્રદ્ધાવાળા હોય તો પણ જિનમાર્ગ રહી વ્રતાદિ પાળતા હોય તે કુપાત્ર છે તથા જિનમાર્ગ વિના અન્ય માર્ગના, શ્વેતામ્બર આદિના સાધુ-ત્યાગી આદિ અપાત્ર છે. એમ ભગવાન પાત્રના ત્રણ ભેદ કહે છે. કુપાત્રથી પણ આ અપાત્ર હલકા છે. આમ આ પ્રયોજનભૂત રકમ છે તેનો નિર્ણય કરવો જોઈએ, વાત જેમ છે તેમ જાણવી પડશે.

શાંતિથી મધ્યસ્થતાથી વિચાર કરો, આજકાલ જગતમાં સત્ ના ચોર લૂંટારા ઘણાં પાક્યા છે. તેઓ અહીંથી તત્ત્વની જે યથાર્થ વાત બહાર આવી છે તે પોતાના કુશાસ્ત્રમાં મેળવીને, વાતો કરીને બિચારા ભોળા માણસોને લૂંટે છે, ઠગે છે. ધર્મ હીન કરી મિથ્યાત્વનું તીવ્ર પોષણ કરે છે. લોકોને સત્ શ્રવણથી પણ છેટા પાડી દે છે માટે એકલી વાતોથી ભોળવાઈ જવાનું નથી.

વળી શ્લોકવાર્તિકમાં કહ્યું છે કે, જે સ્યાદ્વાદી છે તેનાથી પોતાની પ્રતીતિ જે શ્રદ્ધાન તેનો વિલોપ–જે અન્યના કથનથી સદૂષણપણું સહ્યું જતું નથી, કારણ કે દૂષણ સહિત સદોષ શ્રદ્ધાન થવાથી પછી નિર્દોષ-દૂષણ રહિત શ્રદ્ધાનનો આશ્રય થતો નથી.

વાણીનો યોગ પુણ્યનો ઉદય હોય તો વાદ-વિવાદ કરી અસત્યનું ઉત્થાપન તથા સત્ નું સ્થાપન કરે પરંતુ તે ન હોય તો જ્ઞાનીને અંતરમાં અસત્યનો નકાર-નિષેધ તલ્લાક આવે જ. ત્યાં શાંતિ જાળવી રાખનાર, મિથ્યા મધ્યસ્થભાવ રાખનાર મિથ્યાદ્રષ્ટિ છે. સમ્યગ્દ્રષ્ટિ ત્યાં શીતળ થઈને બેસી રહે નહિ. પોતાની માતા ઉપર આળ આવે તો સુપુત્ર શું શાંતિથી તે સાંભળી રાખે? તત્ત્વથી વિરુદ્ધ કથન આવે ત્યાં ધર્મી તેને સહી શકે નહિ.

**માર્ગ-કુમાર્ગ-અમાર્ગ** :–વીતરાગે કહેલ યથાર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે માર્ગ છે. માર્ગથી વિરુદ્ધ શ્રદ્ધાદિ કરાવે તે કુમાર્ગ છે તથા માલ વિનાની વાતો કરી લૌકિક માર્ગ ચીંધે તે અમાર્ગ છે.

**સંગતિ-કુસંગતિ** : ભાઈ! પરિક્ષા કરવી પડશે. ત્રણ લોકના નાથના દાસ-સેવક થવું છે તો સાચા દેવાદિની તથા ખોટા કુદેવાદિની ઓળખાણ કરવી પડશે. કોનો સમાગમ કરવાથી સમ્યક્શ્રદ્ધાન આદિ થાય, આત્મવૃદ્ધિ થાય તથા કોની સંગતિથી મિથ્યાત્વ પુષ્ટ થશે, ચાર ગતિનું ભ્રમણ એમને એમ બન્યું રહેશે, દુર્ગતિનું કારણ થશે તે બેની બરાબર પરીક્ષા કરી નિર્ણય કરવો જોઈએ.

**સંસાર-મોક્ષ** :–આ બાયડી-છોકરાં છોડ્યાં તેને લોકો કહેશે સંસાર છોડ્યો પરંતુ સંસાર તો આત્માની વિકારી વિપરીત દશા છે તથા પોતાના આત્માના અનંત જ્ઞાન, અનંત સુખાદિરૂપ સમસ્ત ગુણોની સંપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થવી તથા સમસ્ત ઉપાધિ છૂટી જવી તે દશાનું નામ મોક્ષ છે. જ્ઞાનસ્વરૂપ તત્ત્વ તે જીવ છે.

શરીરાદિ અજીવ છે. પુણ્ય-પાપના ભાવો આસ્રવ છે. યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર આત્માની દ્રષ્ટિપૂર્વક એકાગ્રતા તે સંવર તત્ત્વ છે. આત્માની શુદ્ધિની વૃદ્ધિ થાય, તે નિર્જરા તત્ત્વ છે. ઉપવાસ આદિ તે કાંઈ નિર્જરા તત્ત્વ નથી.

આત્માનું અશુદ્ધભાવમાં અટકવું–રોકાવું તે બંધ છે. આત્માની પરિપૂર્ણ દશા પ્રગટ થઈ જવી તે મોક્ષ છે. આમ નવ તત્ત્વનું યથાર્થ જ્ઞાન થવું જોઈએ.

છ દ્રવ્યોમાં જીવ તે ચેતના સ્વરૂપ અનંત ગુણોનો પિંડ છે.

વીતરાગની વાણી તથા શરીર-મન-પૈસા-મકાન વગેરે પુદ્ગલ છે.

અસંખ્ય પ્રદેશાત્મક ધર્મ દ્રવ્ય અરૂપી છે. જે જીવ, પુદ્ગલને ગતિમાં નિમિત્ત છે.

અસંખ્ય પ્રદેશાત્મક અધર્મ અરૂપી દ્રવ્ય છે. જે જીવ, પુદ્ગલને સ્થિતિમાં નિમિત્ત છે.

અનંત પ્રદેશાત્મક આકાશ અરૂપી દ્રવ્ય છે જે જીવાદિ પાંચ દ્રવ્યોને રહેવાને સ્થાન આપે છે.

ચૌદ બ્રહ્માંડમાં કાળ નામના અસંખ્ય દ્રવ્યો છે. જે લોકાકાશના એક એક પ્રદેશે એક એક છે. આ કાળ દ્રવ્ય ન માને ત્યાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વીર્યમાં આદિ બધામાં ખંડખંડતા આવે છે.

ભૂતકાળ કરતાં ભવિષ્યનો કાળ અનંત ગુણો વધારે છે, પણ ભૂતકાળ જેટલો ભવિષ્યકાળ માને તેણે દ્રવ્યમાં જ ભૂલ કરી.

ગુણ-પર્યાયને ધારણ કરે તે વસ્તુ છે. દ્રવ્ય-ગુણ-પર્યાય, એક સંપ્રદાય ગુણને જ માનતો નથી, પણ તે મિથ્યા છે, તેથી અહીં દ્રવ્ય-ગુણ અને પર્યાયને મુદ્દાની રકમમાં ગણી છે. ગુણોનો પિંડ તે દ્રવ્ય છે. દ્રવ્યના પૂરા ભાગમાં અને સર્વ હાલતોમાં જે રહે તે ગુણ છે, તથા સમયે સમયે ગુણોનું પરિણમન થાય છે તે પર્યાય છે. પ્રત્યેક પર્યાય સ્વતંત્ર તે તે દ્રવ્યથી થાય છે. કોઈ બીજો તેનો કર્તા કે ફેરફાર કરનાર નથી. આમ મોક્ષમાર્ગમાં આ પ્રયોજનભૂત રકમોને યથાર્થ જાણી તેનો નિર્ણય કરીને સમ્યક્જ્ઞાન કરવું જોઈએ અને તે જ ધર્મ છે.